SAARANSH FOUNDATION

| | | | |
|---|---|---|---|
| Publication | દિવ્ય ભાસ્કર<br>ભાસ્કર | Edition | city |
| Date | AHMEDABAD<br>MONDAY, 03.04.2017 | Page Number | 07 |

### વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ ડે પર એક્સપર્ટ મનોબિકા ચક્રવતીએ કહ્યું કે...

# 'આલ્બર્ટ આઈન્સ્ટાઈનમાં પણ ઓટીઝમના લક્ષણો હતાં તેમ છતા મોટા વૈજ્ઞાનિક બન્યા'

સિટી રિપોર્ટર @ahm_cb

અમદાવાદ મોલ ખાતે ઓટીઝમ અવેરનેસ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે સારાંશ ફાઉન્ડેશનની ટીમ દ્વારા ઓટીઝ અવેરનેસ પર સ્કિટ પણ ભજવવામાં આવી હતી. જેમાં ઓટિઝમગ્રસ્ત બાળકોએ સ્કેટિંગ પણ કર્યું હતું. આ ઉપરાંત સારાંશ ફાઉન્ડેશનના કોર ટીમ મેમ્બર અને એક્સપર્ટ મનોબિકા ચક્રવતીએ ઓટીઝમ અવેરનેસ પર સ્પીચ પણ આપી હતી.

આ દરમિયાન એક્સપર્ટ અને સારાંશ ફાઉન્ડેશનના કોર ટીમ મેમ્બર મનોબિકા ચક્રવતીએ જણાવ્યું હતુ કે, ' ઓટીઝમ એ કોઈ બિમારી નથી. ન્યુરો ડેવલપમેન્ટથી આ બાળકોને ટ્રેઈન કરી શકાય છે. ઓટીઝમ પીડિત બાળકો એક વસ્તુ પકડીને તેના પર જ ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈનમાં પણ ઓટીઝમના લક્ષણો હતા. તેથી એમના વિશે એવું કહેવાય છે કે તેઓ આજીવન વિજ્ઞાન ક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત કરી શક્યા હતા. ઓટીઝમ જન્મજાતથી થાય છે તેનો કોઈ ઈલાજ નથી






• અમદાવાદ મોલ ખાતે ઓટીઝમ અવેરનેસ ડે નિમિત્તે સારાંશ ફાઉન્ડેશનની ટીમ દ્વારા સ્કિટ ભજવવામાં આવી હતી.

પરંતુ બાળકોને આ માટે માતા-પિતા તેમને ઘરે રાખીને પણ ટ્રેઈન કરી શકે છે.' તેમણે આ વિશે વધુમાં જણાવ્યું કે, 'આવા પ્રકારના બાળકોને તમે કમ્યુનિકેશન થેરાપી જેમાં ભાષા બોલતા શીખવી શકો છો, બિહેવિયર થેરાપી, ઓક્યુપેશનલ થેરાપી જેમ કે કપડા પહેરવા, વૉશરૂમ જવું વગરે આપીને પણ તૈયાર કરી શકે છે. જેના માટે આ બધી બાબતોની ટેવ બાળકોને પાડવી જરૂરી છે